**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૩ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૪ ટકા

# શહેરમાં નવરાત્રીના આગમનના અણસારે ગરબા કલાસ

## આજના યુવાનથી લઈ વૃધ્ધો સુધી દરેકમાં મોર્ડનાઈઝડ દોઢિયા રમવાનો શોખ

ગાંધીનગર, તા.૭
અષાઢી બીજ રથયાત્રા આવતા જ આગળના દિવસોમાં તહેવારોની મોસમ શરૂ થઈ ગઈ છે. શહેરમાં આવનાર તહેવારોની તૈયારી અગાઉથી જ થાય છે તેમ કહી શકાય. નવરાત્રીને હજી ૨ થી ૩ મહિનાની વાર છે ત્યાં શહેરમાં વિવિધ જગ્યાએ ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે. રથયાત્રાને શુભદીન મનાતા તે દિવસે લગભગ ઘણા ગરબા કલાસીસનું મુર્હત થયું છે. લગભગ ૧૦ થી ૧૫ ગરબા કલાસીસ હાલ ગરબાના તાલથી ઝૂમતા જણાઈ રહ્યા છે.

તહેવારો આવે અને ખુશીઓ લાવે તેમાંય નવરાત્રિ એ માતાજીની આરાધના સાથે સૌ કોઈનો પસંદગીનો તહેવાર છે. નાનાથી લઈ મોટેરાઓને ગુજરાતના ટ્રેડિશનને અનુસરી ગરબા રમવા ગમે છે. શહેરમાં વિવિધ જગ્યાએ શેરી ગરબા તો થાય છે સાથે સાથે પાર્ટી પ્લોટમાં થતા ગરબા પણ એટલા જ ફેમસ છે. આ માટેની તૈયારી કરવા માટે શહેરીજનો અત્યારથી જ તૈયાર છે. શહેરમાં લગભગ સેકટરો અને ન્યુ ગાંધીનગરમાં હાલ ૧૦ થી ૧૫ ગરબા કલાસીસ શરુ થઈ ગયા છે અને નવરાત્રીમાં વધારો પણ થશે. શહેરીજનો ગરબાના ન્યુ સ્ટેપ શીખવા ભારે ઉત્સાહિત જણાઈ રહ્યા છે. પરંપરાગત રીતે રમાતા ગરબા સાથે મોર્ડનાઈઝડ ગરબાના ટ્રેન્ડ સાથે આજના યુવાનો ચાલી રહ્યા છે. નવરાત્રિના બે કે ત્રણ મહિના અગાઉ ગાંધીનગરના ગરબા કલાસિસ ધારકો નવા નવા દોઢિયા સ્ટુડન્સને શીખવાડી તેની પ્રેકટીસ કરાવતા રહે છે. આ સાથે કલાસીસમાં ગત વર્ષે કલાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ પ્રેકટીસ અર્થે પણ ગરબા કલાસીસમાં જતા હોય છે. આમ યુવાનથી લઈ વૃધ્ધ દરેક કલાસીસમાં જોડાઈ ગરબે ઘૂમતા અત્યારથી જ દેખાઈ રહ્યા છે.









સહજાનંદ સ્કુલ ઓફ અચિવર ચિલોડા દ્વારા બાળકોને સે-૨૮ના બગીચાની મુલાકાત કરાવવામાં આવી હતી. જયાં બાળકોએ બગીચાની જૂની બાળગાડીમાં બેસી મજા માણી હતી.

# ઉમિયા માતાજી સંસ્થાનમાં હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૭
કડવા પાટીદાર સમાજ ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગરની ૩૯મી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના વડીલ વાડીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં સર્વાનુમતે વિના ફેરફારે કારોબારીની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે ભરતભાઈ વી. પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ વી.પટેલ, મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલ, ખજાનચી ગણેશભાઈ એસ. પટેલ, સહમંત્રી દિલીપભાઈ એસ. પટેલ અને મહેન્દ્રભાઈ એ. પટેલ, આંતરિક ઓડિટર તરીકે ડાયાભાઈ વી. વાછાણી, ચેરમેન સમાજ ભવન તરીકે બળદેવભાઈ બી. પટેલ, શિક્ષણ સમિતિ ચેરમેન શિવુભાઈ જે. પટેલ, ટેમ્પલ સમિતિ ચેરમેન વિષ્ણુભાઈ બી. પટેલ, ઉમા મહિલા સમિતિ ચેરમેન જયોત્સનાબેન એચ. પટેલ, લીગલ એડવાઈઝર તરીકે અશોકભાઈ એચ. પટેલ અને રાજુભાઈ કે. પટેલ, જીવનસાથી પસંદગી કેન્દ્રના કન્વીનર તરીકે રમણભાઈ પટેલ અને ઉમિયા કેરિયર એકેડેમીના કન્વીનર તરીકે કે.કે. પટેલની વરણી કરવામાં આવી હતી એમ સંસ્થાના પ્રમુખ ભરતભાઈ બી. પટેલ દ્વારા જણાવાયું છે.

# શહેરમાં વધુ એકવાર યુવાનો દ્વારા વૃક્ષારોપણ

## આપણું ફાઉન્ડેશને સે-૨૮ની પ્રાથમિક શાળાના સંકુલમાં ૧૦૦ વૃક્ષો વાવ્યા





ગાંધીનગર, તા.૭
ગાંધીનગરમાં પર્યાવરણના જતન પ્રત્યે યુવા પેઢી કાર્યબધ્ધ છે તે ફરી એકવાર સાબિત થયું છે કેમ કે વધુ એકવાર શહેરના યુવાનોએ વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધર્યો છે. શનિવારે શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા સેકટર-૨૮ (૧) સરકારી પ્રાથમિક શાળાના સંકુલમાં એકસો જેટલાં વૃક્ષોના રોપાનું વાવેતર કર્યું હતું.

નવી પેઢી સતત પર્યાવરણ પ્રત્યે જાગૃત બનતી જાય છે અને હવે આ પેઢી માત્ર 'સેલ્ફી' માં જ રચી પચી રહે છે તેવો આક્ષેપ કોઈએ કરતાં પહેલા બે વાર વિચાર કરવો પડે તેવી સ્થિતિ શહેરમાં જોવા મળી રહી છે. છેલ્લા બે સપ્તાહથી પાટનગરને ફરી 'ગ્રીન ગાંધીનગર' બનાવવા શહેરના કોઈને કોઈ વિસ્તારમાં યુવાનો વૃક્ષો વાવી રહ્યા છે. શનિવારે શહેરની આપણું ફાઉન્ડેશન દ્વારા સે-૨૮ની સરકારી પ્રાથમિક શાળાના-૧ના સંકુલમાં ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા અને આવનારી પેઢીને વારસામાં મિલ્કત સાથે વૃક્ષો આપવાની પ્રથા શરૂ કરવી જોઈએ તેવો વિચાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને આપણું ફાઉન્ડેશનના સ્વયંસેવકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કાર્યક્રમ થકી પર્યાવરણના જતન સંદર્ભે યોગદાન આપ્યું હતું.

# શેઠ સી.એમ. હાઈસ્કુલમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો





ગાંધીનગર, તા.૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કુલ સે-૨૩ દ્વારા ધો-૧૧ સાયન્સના વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવેશોત્સવમાં શાળાની શિક્ષિકા બહેનોએ કુમકુમ તિલક કરી વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં ધો-૧૧ના ૩૨૯ વિદ્યાર્થીઓ તેમજ શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય ચેતના બૂચ દ્વારા વિદ્યાર્થીઓને ઉષ્માભર્યો આવકાર આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓને શાળાકીય આયોજનથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત એ૧ રેન્ક મેળવતા વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા. વી.એમ. પટેલે શિસ્ત સંબંધી વાત કરી દ્દષ્ટાંત રજુ કર્યા હતા. જે.બી. પટેલ દ્વારા જેઈઈ અને નીટ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી. બિપીનભાઈ પટેલ અને મુકેશભાઈ પટેલ દ્વારા આગામી પરીક્ષાના આયોજનો વિશે વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા હતા તથા શાળાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીઓ જીનલ પટેલ, મીત શાહ અને પૂજા પટેલ દ્વારા ધો-૧૧ના વિદ્યાર્થીઓને પોતાના ગત વર્ષના અનુભવો અને સફળતાના સૂત્રોથી વાકેફ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# તંત્રના તાલમેલના અભાવે પડતાં 'બાકોરાં' કરે પ્રજાના ખિસ્સા કાણાં...!!


## કયાંક નવા બનાવેલા રોડને ગટરવાળા કે ગેસ, વિજળી અથવા ટેલિફોનની અન્ડરગ્રાઉન્ડ લાઈનવાળા ખોદી નાંખે તેની નવાઈ નથી રહી : એકવાર ખોદયા પછી કામ પતે એટલે અપૂરતાં પૂરણના લીંપણ છેવટે તો પ્રજાને જ લપસાવે છે ને??

ગાંધીનગર, તા.૭
ચોમાસાનું આગમન થતા જ અખબારોમાં મસ મોટાં ભૂવાં પડયાંની તસવીરો, ખુલ્લી ગટર ચેમ્બરોનું જોખમ, ટેલફોન, વિજળી કે સ્ટોર્મ વૉટર જેવા કાર્યો માટે કરાયેલું ખોદકામ યોગ્ય પુરણ કર્યા વગર અધુરું છોડી દેવાયું હોય



### લાગ્યું એવું લખ્યું
**સમીર રામી**

તેવી બાબતો ઉડીને આંખે વળગવા લાગે છે. આમ પણ આપણે ત્યાં અઢળક સમસ્યાઓ તો જુદા જુદા સરકારી વિભાગો વચ્ચેના યોગ્ય તાલમેલના અભાવે જ ઉભી થવી એ ખૂબ સામાન્ય બાબત બની જવા પામી છે. જયાં હજુ નવો નક્કોર રોડ બનાવ્યો હોય તેનો નાગરિકો માંડ આનંદ માણી શકે ત્યાં તો પાણી પુરવઠા વાળા કે ગટર સમારકામવાળા નવી પાઈપલાઈન નાંખવા અથવા ટેલિફોન કે ઈલેકિટ્રકવાળા નવી અંડરગ્રાઉન્ડ લાઈન નાંખવા માટે ખોદી નાંખે તે બાબતની નવાઈ રહી નથી. અમદાવાદ જેવા શહેરમાં તો માંડ નવા રોડ અને નવી ફૂટપાથો બનાવવાના કાર્યથી વાહનચાલકોને હાશ થઈ હોય ત્યાં બીઆરટીએસનું કામ શરૂ થઈ જાય અને આ થઈ જતાં વર્ષોની રાહત થશે તેવી આશાએ બધુ મુંગા મોંઢે સહન કરી લીધા પછી પાછળ મેટ્રોનું અને તેમનું માંડ પતે ત્યાં વિજળીવાળા અને એ પત્યુ ના પત્યું ત્યાં તો ગટરલાઈન વાળા કે પાણીની લાઈનવાળા પાવડા-કોદાળી લઈને રાહ જોતા જ ઉભા હોય તેવી સ્થિતિ વારંવાર અનુભવાય છે. અને વળી, આગમન પૂર્વે પ્રિ-મોન્સુન પ્લાન તૈયાર કરાય છે અને તે માટે ગટરોની સાફસુફી, મરામત વગેરે હાથ ધરાય તેમાં પ્રજા પરેશાની ભોગવી ચુકી હોય છતાં વરસાદ આવતા જ તે કાર્યોમાં કરાયેલા અપૂરતા માટી ફરતે કોંક્રીટની સુરક્ષા આપવાનો પ્રયોગ પણ કરી જોવાયો પરંતુ રોડ વચાળે આવી ગટર ચેમ્બરો વધુ જોખમી જણાતા ફરી રોડને સમાંતર કરવાની 'તસ્દી' લેવી પડી હતી પરંતુ હજુ તેમાં કેટલાક અવશેષો રહી જવા પામ્યા છે.





કામ આવીને ઉભું રહી જાય ત્યારે નાગરિકોને એ સવાલ હંમેશા સતાવ્યા કરે છે કે શા માટે લાંબા ગાળાના આયોજન માત્ર ટૂંકા ગાળામાં જ ખોરવાઈ જાય છે ? પ્રજાને વારંવાર પરેશાન કરતા સરકારી વિભાગો વચ્ચેના તાલમેલનો અભાવ કયારે દૂર થશે?

સરકારી વિભાગો વચ્ચેના તાલમેલનો અભાવ સૌથી વધુ 'રોડ' પર જ જોવા મળે છે. એક વાર નવો રોડ બની જાય પછી થોડાક સમયમાં કયાં તો ટેલિફોનવાળા ખોદી નાંખે આશ્ચર્ય તો એ વાતનું થાય જયારે કોઈ વિસ્તારની પ્રજા મંજૂર થયેલો રોડ કયારે બનશે તેની તપાસ કરવા જાય ત્યારે ખબર પડે કે ફાઈલ ગટર કે પાણી પુરવઠા વિભાગની અથવા રેલવે કે ટેલિફોન ઈલેકિટ્રક વિભાગના કિલયરન્સમાં અટકીને પડી છે. કયારેક કામ શરૂ થઈ જાય તો ચાલુ કામે ગેસની પાઈપલાઈન અથવા ગટર કે પાણીની પાઈપલાઈન તુટી જાય અને જેનું કારણ તેના યોગ્ય નકશા કે માર્ગદર્શન પ્રાપ્ત થયા ના હોય તેવું જાણવા મળે. વરસાદના પૂરણના લીધે 'ભૂવા'માં ભરાઈ પડે. આપણે ત્યાં મોટા ભાગના ગટરના ચેમ્બર ઢાંકણ રોડની વચ્ચે જ આવતા હોય છે અને તે વારંવાર તુટી જતા જ હોય છે. રોડના સમાંતર બનાવાયેલા આ ઢાંકણ નવો રોડ બનતા નીચા રહી જાય ત્યારે જે 'ખાડા' સર્જાય તેનાથી વાહનચાલકોના હાડકાં ખોંખરા થવાના કિસ્સા સર્જાતા વાર નથી લાગતી. ગાંધીનગરમાં તો વારંવાર તુટી જતા સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણોને બચાવવા રોડના લેવલથી ઊંચા બનાવી તેની

નવા રોડ કે બ્રીજ જેવું અન્ય કોઈ વિકાસ કાર્ય હાથ ધરાયું હોય ત્યારે આપવામાં આવતા ડાયવર્ઝન ભલે કામચલાઉ વ્યવસ્થા હોય પરંતુ તેની ગુણવત્તા જુઓ તો તે જરા પણ 'કામચલાઉ' હોતી નથી. ડાયવર્ઝન પરથી પસાર થતા રેતી, કાંકરા, ખાડા કે ધૂળની ડમરીઓ સહન કરવી જ પડે તેવું હવે નાગરિકોની માનસિકતામાં પણ 'ફીટ' થઈ જ ગયું છે. અરે, કયારેક તો 'આગળ ડાયવર્ઝન છે' તેવું ચેતવણી સૂચક બોર્ડ પણ આવે નહી અને અચાનક રોડ પુરો થઈ જાય અથવા આગળ ખાડો આવી જાય. કોઈ વિસ્તારમાં નવો રોડ બની જાય પછી વન વિભાગ દ્વારા તેની આસપાસ વૃક્ષોનું વાવેતર કરી ઉછેર કરવામાં આવે અને પાંચ સાત વર્ષે જયારે આ રોપાં મોટા થઈ ખરા અર્થમાં વૃક્ષ બની ગયા હોય ત્યારે જ માર્ગને વધુ પહોળો કરવા કાપી નાંખવામાં આવે તેને અણઘડ આયોજનની કમનસીબી ના કહેવી તો શું કહેવી? વળી, કોઈ કામમાં રોડ ખોદી નાંખ્યા પછી તેનું પુરણ ઈંટોના રોડં, પથ્થરો કે અન્ય ઢેફાંથી કરવામાં આવે પછી તેના પર રોલર ફેરવવાનું 'સિફતપૂર્વક' ભુલાવી દેવાય અને વાહનચાલકો અણિદાર કપચી-મેટર પથ્થરોથી 'પંકચર' પડવાની પરેશાની ભોગવે અથવા ધૂળની ડમરીઓથી ડસ્ટના 'મેકઅપ'નો આનંદ માણે. અનેકવાર એવું પણ જોવા મળ્યું છે કે મોટા ઉપાડે રોડ કે અન્ય કોઈ વિકાસ કાર્ય પૂર્ણ કરાય અને પછી ચોમાસું આવે ત્યારે ખબર પડે કે અહીં વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા જ કરવામાં આવી નથી. છેવટે પાણીના ભરાવાના જોખમથી બચવા નવા બાકોરાં પાડવા પડે છેવટે તો સરકારી વિભાગો વચ્ચેના યોગ્ય તાલમેલના આ તમામ 'અભાવો' પ્રજાના ખિસ્સામાં જ બાકોરાં પાડે છે.

- **પ્રતિભાવો આવકાર્ય :**
**samirtalod@yahoo.com**

# 'ઢળતી સાંજે' ભાનુપ્રસાદ પુરાણીના શબ્દોની સુરીલી રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૭
શહેરના જાણીતા કવિ સાહિત્યકાર અને ગાંધી વિચારના પ્રચારક ભાનુપ્રસાદ પુરાણી જીવનના આઠ દાયકા પૂર્ણ કરી રહ્યાના પ્રસંગે તથા તેમના પુત્ર મયુર પુરાણીના 'વન' પ્રવેશે ત્રિદલ સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમ 'કવિનો શબ્દ...ઢળતી સાંજે'માં આસીસીઆરના પ્રમાણિત ગાયક સુરેશ રત્નોત્તર તથા રેખાબેન પંચાલ દ્વારા સુમધુર કંઠે ભાનુપ્રસાદ પુરાણી દ્વારા લિખિત ગીતોની સંગીતમય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શહેરના સેકટર-૨૩માં સર્વ વિદ્યાલય કેમ્પસ સ્થિત બ્રહ્માણી કૃપા હોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં શહેરના સાહિત્યકારો તથા સાહિત્યભાવકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને ભાનુપ્રસાદ તથા મયુર પુરાણીને શુભેચ્છાઓ પાઠવી હતી.

'કવિનો શબ્દ... ઢળતી સાંજે' કાર્યક્રમમાં રાજય સરકારના પૂર્વ શિક્ષણમંત્રી કરશનદાસ સોનેરી, મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવી, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બચ, ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ભારતીય કિસાન સંઘના



અગ્રણી જીવણદાદા ઉપરાંત શહેરના વરિષ્ઠ સાહિત્યકારો દોલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, ભરત કવિ, કુમુદભાઈ, પ્રકાશલાલા, શૈલેષ પંડયા, કિશોર જીકાદરા, પ્રજ્ઞાબેન પટેલ સહિત અનેક સાહિત્ય સર્જકો તથા જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા સહિતના સામાજિક અગ્રણીઓ અનો ગાયક કલાકાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાનુપ્રસાદ પુરાણી લિખિત ગીતોની કર્ણપ્રિય સંગીત સાથે સુરીલી રજુઆત કરાઈ હતી. કાર્યક્રમના સમાપનો તમામે સમુહ પ્રિતી ભોજનનો આનંદ માણ્યો હતો.